PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4641-3 તારીખ : 10-7-19.

રજી. એડી. પત્ર

પ્રતિ,
ચુનીલાલ રવજીભાઇ સેંજલિયા
મું. પો. : ખારચિયા , તા. : જેતપુર , જી. : RAJKOT,
મોબાઈલ : ૯૯૮૦૮૦૭૨૬૦
Pin-360370

વિષય : ઓડીટ ના વીજબીલ બાબત

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૮-૦૪-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૭/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જેતપુર.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જેતપુર ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-૧/૧૯-૨૦/** 4641-3 તા. 10-7-19

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-૧/૧૯-૨૦/ 4641-3 તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫)

No.PG- ૧૭/ક્વા-૧/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | ચુનીલાલ રવજીભાઇ સેંજલિયા ગામ: ખારચિયા |
| રજૂઆત કરનાર: | અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે અલ્પેશભાઈ ચુનીલાલ સેંજલિયા હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી -જેતપુર |
| રજૂઆત કરનાર: | શ્રી એચ.એમ.ભોજાણી નાયબ ઈજનેર (ટેક), પીજીવીસીએલ વિભાગીય કચેરી – જેતપુર |

:: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૦૫-૦૭-૨૦૧૯ ( શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૫-૦૭-૨૦૧૯ (શુક્રવાર) ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ચુનીલાલ રવજીભાઇ સેંજલિયા ગામ -ખારચિયા, તેઓની અરજીના નોંધણી નં: ૧૭/ક્વા-૧/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ ખેતીવાડી હેતુ નુ વીજજોડાણ ગ્રાહક નં. ૩૩૮૦૧/૦૦૭૭૧/૫ થી ધરાવે છે. જે વીજ મીટરમાં રીડીંગ વધુ ચડતા હોય – મીટર બદલવાની અરજી કરેલ– જે મીટર નો લેબોરેટરી રીપોર્ટ પણ યોગ્ય આવેલ, ત્યારબાદ ઓડિટ રીકવરી મુજબ રૂ.૫,૪૦૦/– નુ વીજબીલ આવેલ – ખેતીવાડી વીજજોડાણ માં પાણી ઉપર આધારીત વીજવપરાશ થતો હોય છે, જે ઉદ્યોગ ની જેમ એક સરખો કયારેય હોતો નથી, જે અંગે ની અરજી આપવા છતા – ધ્યાને લેવાયેલ નથી, ત્યારબાદ પુરાવા તરીકે તલાટી–કમ મંત્રી નુ પંચ રોજકામ આપેલ છે. આમ, પાણી ખુટી ગયા બાદ – હાલમાં વીજવપરાશ થતો નથી, તેમ છતા – વીજજોડાણ કપાય નહી, તે હેતુ થી તા.૨૯–૦૩–૧૯ ના રોજ રકમ વાંધા સાથે ભરપાઈ કરેલ છે. આમ, ઓડિટ રીકવરી મુજબ અપાયેલ બીલ કોઈપણ તપાસ કર્યા વગર ફકત આકડાકીય માહિતીના આધારે આપેલ છે. જે રદબાતલ કરી અને ભરપાઈ કરેલ રકમ રીફંડ આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર શ્રી ચુનીલાલ રવજી સેંજલીયા, ગ્રા. ન.- ૩૩૮૦૧/૦૦૭૭૧/૫, ટેરીફ- A2, હો.પા. – ૭.૫, ગામ- ખારચીયા, તા. જેતપુર, કનેક્શન તારીખ- 12/05/2015 પેટા વિભાગીય કચેરી - જેતપુર ગ્રામ્ય હેઠળ ધરાવે છે.

3.૧ ઉપરોક્ત ખેતીવાડી વીજ જોડાણ માં ઓડીટ સમયગાળો - એપ્રિલ-૨૦૧૫ થી માર્ચ-૨૦૧૬ મુજબ રૂ.૫૪૦૦ ની રિકવરી નીકળેલ હોય તે ભૂલ ભરેલ છે, તે મુજબ ની અરજદાર ની સદર ફરિયાદ છે.

3.૨ ઉપરોક્ત બાબતે ફરિયાદી અરજદારે તા. ૦૧/૦૮/૨૦૧૭ નાં રોજ તેઓનું વીજ મીટર નાં રીડિંગ ન વંચાતા હોવા ને કારણે મીટર બદલી આપવા માટે અરજી આપેલ. જેનાં અનુસંધાને તા. ૨૪/૦૮/૨૦૧૭ નાં રોજ તેઓનું મીટર બદલી આપવામાં આવેલ. સદર મીટર તા. ૧૪/૦૯/૨૦૧૭ નાં રોજ ડીવીઝન લેબોરેટરી – જેતપુર માં તપાસતાં, સંયુક્ત ચકાસણી અહેવાલ મુજબ મીટર ફોલ્ટી માલૂમ પડેલ. જે અનુસંધાને જેતપુર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નું એપ્રિલ-૨૦૧૫ થી માર્ચ-૨૦૧૬ નાં સમયગાળા નું ઓડીટ થતાં પારા નં.૧.૫ (૫૨) મુજબ ફોલ્ટી મીટર ની શોર્ટફોલ એવરેજ યુનીટ ૯૦૦૦ ની રિકવરી રૂ.૫૪૦૦.૦૦ નીકળેલ, વીજબીલ માહે જુન – જુલાઈ -૧૫ થી એપ્રિલ- મે -૧૭ માં નહિવત વપરાશ – લગભગ "0" નોંધાયેલ હોય, જેથી, વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૭ ના વીજવપરાશી ૭૫૦ યુનીટને ધ્યાને લેતા – અગાઉ ના કુલ ૧૨ વીજબીલ ના કુલ ૯૦૦૦ યુનીટ ગણીને લાગુ પડતા ટેરીફ મુજબ – એટલેકે ૯૦૦૦ યુનીટ × ૦.૬૦ મુજબ = ૫૪૦૦ રૂપિયા, ની ગણતરી મુજબ રીકવરી કરેલ છે.

૩.૨ ફરિયાદી ગ્રાહક ની રજૂઆત છે કે, જે સમયગાળા ની ગણતરી કરીને આ ઓડિટ વીજ બિલ આપવામાં આવેલ છે તે સમયગાળા દરમિયાન તેઓના કૂવા માં પાણી ખલાસ થઈ ગયું હતું. આમ વપરાશ ઘટી ગયેલ હતો.

3.3 GERC – SUPPLY CODE-2015 નાં CLAUSE ૬.૫૮ મુજબ એવરેજ યુનીટ નું બિલ આપવામાં આવેલ હોય તે મુદત દરમિયાન સંબંધિત premises નાં કામકાજ અને/અથવા કબજા ની સ્થિતિ અંગે વપરાશકર્તા એ પુરા પડેલા કોઈ પુરાવાથી વીજળી ના વપરાશ પર અસર પડી હોય તો તે વિચારણા માં લઇ શકશે. પરંતુ અહી ફરિયાદી ગ્રાહકે પીજીવીસીએલ ને જે-તે સમયે કૂવા માં પાણી ન હોવા બાબતે કોઈ પુરાવા રજુ કરેલ નથી. ગ્રાહકે તા.14/12/2018 નાં રોજ નું પંચ રોજકામ રજૂ કરેલ છે, જે સંબંધિત સમયગાળા નાં એક વર્ષ થી વધુ સમય વીતી ગયા બાદ કરેલું રોજકામ છે, જેમાં તલાટી કમ મંત્રી લખી આપે છે કે સદર પંચ રોજકામ માં દર્શાવેલ માહિતી બાબતે તેમની કોઈ જવાબદારી રહેતી નથી. જેથી, આ મુજબ નું રોજકામ માન્ય રાખવામા આવેલ નથી. ઉપરોક્ત બિલ "F" એવરેજ મુજબ આપવામાં આવેલ છે, જે મજરે આપવાપાત્ર ગણાય નહી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ શ્રી ચુનીલાલ રવજી સેંજલીયા, ગ્રા. ન.- ૩૩૮૦૧/૦૦૭૭૧/૫, ટેરીફ- A2, હો.પા. – ૭.૫, ગામ- ખારચીયા, તા. જેતપુર, કનેક્શન તારીખ- 12/05/2015 પેટા વિભાગીય કચેરી - જેતપુર ગ્રામ્ય હેઠળ ધરાવે છે. સદર વીજ જોડાણ અન્વયે અરજદાર ને એપ્રિલ-૨૦૧૫ થી માર્ચ-૨૦૧૬ નાં સમયગાળા નું ઓડીટ થતાં ઓડીટ રીપોર્ટ નં.એએમઆર/સીઓ/આઈએ/એઆર/ ૧૦૪૫૦/ તા.૦૧/૧૨/૧૭ પારા નં.૧.૫(૩૦) મુજબ ફોલ્ટી મીટર ની શોર્ટફોલ એવરેજ યુનીટ ૯૦૦૦ ની રિકવરી રૂ.૫૪૦૦.૦૦ રીકવરી નું બીલ આપેલ છે. જે સદર બીલ અરજદાર ને યોગ્ય ન લગતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદાર શ્રી દ્વારા તા.૦૧–૦૮–૧૭ ના રોજ મીટર બંધ હોય – બદલાવી આપવા પેટા વિભાગીય કચેરી માં અરજી આપેલ છે. જે અનુસંધાને – સામેવાળા દ્વારા તા.૨૪–૦૮–૧૭ ના રોજ સદર મીટર બદલાવેલ, જેનુ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૧૪–૦૯–૧૭ ના રોજ સંયુક્ત ચકાસણીના રીપોર્ટ મુજબ – ફોલ્ટી માલુમ પડેલ હતું.

૪.૩ સદર અરજદારના પી.આર.ટી.–૧૪૫ મુજબ – વીજવપરાશ ની વિગત નીચે મુજબ છે.

| Month/ Year | 2015 | | | 2016 | | | 2017 | | | 2018 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | Billed unit | C.R. | Status | Bille d unit | C.R. | Status | Billed unit | C.R. | Status | Billed unit |
| Dec,Jan | | | | 25 | | 0 | 25 | | 0 | 778 | | 3 |
| Feb, Mar | | | | 25 | | 0 | 25 | | 0 | 778 | | 0 |
| Apr,May | 1 | | | 25 | | 0 | 25 | | 0 | 778 | | 0 |
| Jun,Jul | 25 | | 24 | 25 | | 0 | 25 | F | 750 | 778 | | 0 |
| Aug,Sep | 25 | | 0 | 25 | | 0 | 273 | C ( 273-3=270) | 750 | 897 | | 119 |
| Oct, Nov | 25 | | 0 | 25 | | 0 | 775 | | 502 | 1046 | | 149 |
| Average | | | 6.0 | | | 0 | | | 334 | | | 45 |

૪.૪ ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ "ખામી યુક્ત / ચોટી ગયેલ / બંધ / બળેલ મીટર ના કેઈસ માં મીટર ખામીપૂર્ણ જણાય / જણાવાય તે તારીખ થી તરત અગાઉ ના છેલ્લા ૦૩ બીલીગ અવધી ના સરેરાશ વીજવપરાશ ના બીલો ના આધારે ગ્રાહક ને બીલ આપવુ, પુરતી વિગતો પ્રાપ્ય ન હોય તો – તે પછી ની મુદત ના બે / ત્રણ બીલ ની અવધી દરમ્યાન થયેલ સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઈ શકાય. આ ખર્ચ અધિકતમ માત્ર ૦૩ બીલીગ અવધી માટે વસુલવા પાત્ર થશે. પરંતુ, ઉકત મુદત દરમ્યાન સબંધિત મકાન ની કાર્યકારી અને / અથવા કબ્જાની સ્થિતી અંગે ગ્રાહકે કોઈ પૂરાવો આપ્યો હોય, કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો – પરવાનેદાર તેને વિચારણામાં લેશે."

૪.૫ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા ૪.૪ મુજબ ની વિગતે – સદર મીટર ખામીયુક્ત પહેલાના ૦૩ બીલીગ દરમ્યાન વીજવપરાશ ની અવધી મુદદા નં.૪.૨ મુજબ નકકી થઈ શકે તેમ ન હોય, જેથી મીટર બદલ્યા પછી ની મુદત ના ૦૩ બીલ ની સરેરાશ ગ્રાહક ના લેઝર મુજબ વીજવપરાશ ની ગણતરી નીચે મુજબ કરેલ છે.

| Billing Month | Consumption- KW h | Remarks |
|---|---|---|
| Aug-Sep-17 | 355** | ** →Meter Change Dt : 24-08-17, Initial Reading- 03<br>→Billing Dt : 09-10-17, Final Reading-273<br>→Diff. Unit : 270, Diff. Days-46<br>→Per Days Consumption=5.87, So, 60 days is 354.17 Unit i.e.355 Unit |
| Oct- Nov-17 | 502 | |
| Dec-Jan-18 | 3 | |
| Average of above 03 bi monthly billing | 287 | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

અરજદાર ના લેઝર મુજબ – માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર–૧૫ થી માહે એપ્રીલ – મે– ૧૭ સુધી મીટર રીડર દ્વારા રીડીગ મુજબ બીલ અપાયેલ છે, જેમા વીજવપરાશ "૦" યુનીટ નોંધાયેલ છે. મીટર સ્થિતી " F " તરીકે ફકત માહે જુન–જુલાઈ–૧૭ બીલ્ડ ઈન માહે ઓગષ્ટ–૧૭ મા અપાયેલ છે. લેબોરેટરી ચેકીગ દરમ્યાન મીટર ફોલ્ટી જણાયેલ છે. આવા સંજોગોમાં પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ ઓડિટ રીપોર્ટ મુજબ વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૫ થી માહે એપ્રીલ – મે– ૧૭ સુધીની ઓડિટ રીકવરી કરી શકાય નહી.

સદર ફોલ્ટી મીટર વીજબીલ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર–૧૭ માં મીટર બદલી ની સ્થિતી " C " મુજબ વીજબીલ તા.૦૯–૧૦–૧૭ થી અપાયેલ છે. તેમજ, સદર મીટર તા.૨૪–૦૮–૧૭ ના રોજ બદલાવેલ છે. તે મુજબ અરજદાર પાસેથી નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ – સદર કેઈસ મા, ૦૩ બીલીગ અવધી માટે વસુલવા પાત્ર થતા હોય, જેની ગણતરી નીચે મુજબ છે.

| Billing Month | Consumption- KW h | Recovered- KW h | To be Recovered/credit KW h |
|---|---|---|---|
| FEB,MAR,17 BILLED IN APR-17<br>Billing Date : 10-04-17 | 0 | 0 | 287 |
| APR-MAY-17 BILLED IN JUN-17<br>Billing Date : 13-06-17 | 0 | 0 | 287 |
| JUN,JUL,17 BILLED IN AUG 17<br>Billing Date : 07-08-17 | 0 | 750 | (750-287=463) credit-463 unit |
| AUG,SEP,17 BILLED IN OCT 17<br>Billing Date : 09-10-17 (Meter Change-24.08.17) | 270 (After MC) | 750 | (750-355=395) credit-395 unit |

૪.૬ સદર કેઈસ મા, – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પ્રપોઝ કરાયેલ ઓડિટ રીકવરી બીલ ઉપરોકત મુદદા ૪.૫ મુજબ ની વિગતે નિયમાધીન રીતે લાગુ પડતા ટેરીફ મુજબ – રીવાઇઝ કરી – લેખીતમાં વિગતવાર દિન–૧૫ માં અરજદાર ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ આપવા માટે – પીજીવીસીએલ ને સુચના આપવામાં આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધઃ

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot